# તાલુકા પંચાયત માટે ૧૨૨ ઉમેદવારો

**રૂપાલ અને રાંધેજા-૨ની બેઠક પર ૬-૬ ઉમેદવારો મેદાનમાં : આજે ચૂંટણી અધિકારીઓ ઉમેદવારી પત્રની ચકાસણી કરશે**





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ૧૨૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આજે અંતિમ દિવસ હોવાથી સવારથી જ ઉમેદવારો દ્વારા ઉમેદવારી નોંધાવવા માટે તાલુકા પંચાયત કચેરી અને મામલતદાર ઓફિસ ખાતે સમર્થકો સાથે આવી પહોંચ્યા હતા.

આજે અંતિમ દિવસે ૮૫થી વધુ ફોર્મ ભરાયા હતા. હવે ઉમેદવારીપત્રોની ચકાસણી નવમી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ બપોરે ૧૨ વાગે ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં શરૂ થશે અને ૩ વાગ્યા સુધીમાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભાજપ દ્વારા ૬૦ જેટલા ઉમેદવારી પત્રો ભરાયા છે તો કોંગ્રેસ પક્ષ દ્વારા ૪૯ ઉમેદવારી પત્રો ભરાયા છે. ૧૨ અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્ય પક્ષોમાં ઉમેદવારોની પસંદગી અંગે કશ્મકશ

**૧૦૯ ફોર્મ પક્ષના ઉમેદવારોએ ભર્યા : કોંગ્રેસે ભાજપે સીધા મેન્ડેટ અધિકારીને સોંપ્યા : છેલ્લી ઘડીએ ભાજપમાં ફેરફારો થતાં કાર્યકરોએ કમલમ્ સે. ૨૧ ખાતે પહોંચી ગાળાગાળી કરી અને નારાજગી વ્યક્ત કરી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકોની સામાન્ય ચૂંટણીને લઈ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ-કોંગ્રેસમાં છેલ્લી ઘડી સુધી ધમાસણ જામેલુ રહ્યુ હતુ અને એટલે જ બન્ને પક્ષોએ ઉમેદવારોએ રજુ કરવાના મેન્ડેટ સીધા અધિકારીને પહોંચતા કરાયા હતા.

ઉમેદવારોની પસંદગીને લઈ ચાલી રહેલી ખેંચતાણનો સીધો પુરાવો બન્ને પક્ષો વતી ૩૬ બેઠકો માટે ૧૦૯ ઉમેદવારી પત્રો રજુ થયા છે તે વાત પરથી જ આવે છે.

આજે સે. ૨૧ ખાતે આવેલ ભાજપ કાર્યાલય ખાતેનો ઉમેદવારનું નામ જાહેર કરાયેલ યાદીમાં હતુ પરંતુ છેલ્લી ઘડીએ જાહેર કરાયેલ ઉમેદવારનું પત્તુ કપાઈ જતાં ઉમેદવારોના સમર્થકોએ ભારે હલ્લાબોલ મચાવી હતી.

ભાજપને છેલ્લી ઘડીએ એક-બે બેઠક પર તો ઉમેદવારોને મનાવી અને ફોર્મ રજુ કરી દેવા સમજાવવામાં આવ્યા હતા. નદીપારની અનામત બેઠકો પરથી તો બહારથી જ ઉમેદવારો મુકવાની ફરજ પડી હતી. ભાજપના નેતાઓ આ ચૂંટણી જંગ કોઈ ઉત્સાહથી લડતા હોય તેવુ લાગતુ નથી.

ભાજપ દ્વારા ૩૬ બેઠક માટે ૬૯ ઉમેદવારીપત્રો રજુ થયા હતા. તો કોંગ્રેસ દ્વારા ૪૯ ઉમેદવારીપત્રો રજુ થયા હતા. જો કે અહિયાં ખેંચતાણ ઉગ્ર બને તે પૂર્વે નેતાગીરીએ ડહાપણ વાપરી બધાને ઉમેદવારી પત્ર ભરી દેવા કહ્યા પછી મેન્ડેટ સીધા અધિકારીને મોકલી મોડી સાંજે સત્તાવાર યાદી જાહેર કરી હતી. ભાજપ આ ચૂંટણીમાં પહેલીવાર સંરક્ષણાત્મક ભૂમિકામાં આવી ગયુ છે તેમજ ઉમેદવારોની પસંદગીમાં પણ જ્ઞાતિવાદના દબાણ હેઠળ આવી છેલ્લી ઘડી સુધી ફેરફારો કરવાનું ચાલુ રાખતાં કાર્યકરોમાં ભારે નારાજગીનું મોજુ પ્રસરી જવા પામ્યુ હતું.

# શહેરમાં સવા બે કરોડના પાણી ગટર વેરાની વસુલાત માટે માર્ચથી ઝુંબેશ

**નવા સેકટરોમાં ગત વર્ષ દરમિયાન ૮૦ ટકા કામગીરી થઇ હતી : એડવાન્સ વસુલાતને અનુલક્ષી ટુંકમાં બીલ વિતરણ કરાશે**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરમાં અંદાજિત ૨૬ હજાર જેટલા પાણી ગટરના જોડાણકર્તાઓ પાસેથી એડવાન્સ વેરો વસુલવા માટે તંત્ર દ્વારા આગામી માર્ચ મહીનાથી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. અંદાજિત રૂ ૨.૨૫ કરોડનો વેરો વસુલવા માટે બીલ વહેંચણી માટે એજન્સીને જવાબદારી સોંપી દેવામાં આવી છે. જો કે પાણી ગટર વેરાની વસુલાત ક્ષેત્રે નબળુ ચિત્ર ઉપસી આવતા બાકીદારોની સંખ્યા પણ વિશેષ છે. તંત્રના ચોપડે વસુલાતના મોટો આંકડો બાકી છે. ત્યારે વસુલાત મામલે નોંધપાત્ર કામગીરી થાય તેવા પણ પ્રયાસ કરવામાં આવશે.

ગાંધીનગરમાં પાણીનો વિશેષ વપરાશ થાય છે. દેશમાં માથાદીઠ સૌથી વધુ પાણી ગાંધીનગરાઓ વાપરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે પાણીના મામલે મીટર પ્રથા પણ હજુ અમલમાં આવી નથી. ત્યારે નગરજનો છુટથી પાણીનો ઉપયોગ કરવા ટેવાયેલા છે. જયારે પાણીનો બગાડ પણ વધુ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે પાણી ગટર વેરો વસુલવા માટે તંત્ર દ્વારા પ્રતિવર્ષ એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત વર્ષે પણ પાણી ગટર વેરાની વસુલાતના અંતે નબળી કામગીરી થઈ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જો કે શહેરના નવા સેકટરોમાં ગત વસુલાત ઝુંબેશના અંતે ૭૨ લાખના માંગણા સામે ૮૦ ટકા વેરો વસુલાયો હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે. પરંતુ જુના સેકટરો તેમજ શહેરી વિસ્તારના ગામોમાં પણ વસુલાત ક્ષેત્રે જુના માંગણા સંદર્ભે બાકી આંકડો મોટો હોવાનુ પણ મનાઈ રહયુ છે. આગામી વર્ષ ૨૦૧૮-૧૯ ને અનુલક્ષી તંત્ર દ્વારા પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત અન્વયે ટુંકમાં જ બીલની વહેંચણી કરી દેવાશે. શહેરના સે-૧થી ૩૦ તેમજ શહેરી વિસ્તારના ગામો પાલજ, બોરીજ વાસણ, ફતેપુરા , આદિવાડા , ધોળાકુવા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં મંગલ મહોત્સવની ભવ્ય ઉજવણી

**સે-૨૧ શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલીની રજત જયંતિ નિમિત્તે મંગલ મહોત્સવની ભવ્ય ઉજવણી અન્વયે ભકિત સંગીત સંધ્યામાં ભાવિકો ડોલ્યા : વલ્લભાચાર્યજીએ બધાજ ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યા બાદ માખણરૂપ નિચોડમાં સુખ શાંતિ માટે વિવેક, ધૈર્ય અને આશ્રયને મહત્વનુ ગણાંવ્યુ છે : યુવા વૈષ્ણવાચાર્ય પુ વ્રજરાજકુમારજી**

ગાંધીનગર તા ૮

સે-૨૧ શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલીના રજતજયંતિ નિમિત્તે મંગલ મહોત્સવની ઉજવણી અંતર્ગત સે-૨૨ સ્થિત નવરાત્રિ મેદાનમાં ભજન સંધ્યાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે યુવા વૈષ્ણવાચાર્ય વ્રજકુમારજીએ ભાવિકોને જણાંવ્યુ હતુ કે તમે દર્શન કરો ત્યારે જ ભગવાનને જોઓ છો પરંતુ ભગવાન તમને ૨૪ કલાક જોતા રહે છે. જીવનમાં સુખ શાંતિ માટે વિવેક ધૈર્ય અને આશ્રયનુ હોવુ ખુબ જરૂરી છે.

ગોવર્ધનનાથજીની હવેલીના રજતજયંતિ મહોત્સવ અંતર્ગત મંગલ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે સે-૨૨ સ્થિત નવરાત્રિ મેદાનમાં ગીરીરાજ વૃંદ દ્વારા શ્રીજી બાવાના છે લછબીલા..દેવદમનનો ઈન્દ્રવદન..ભજનથી ભવ્ય સંગીત સંધ્યાનો પ્રારંભ કરવામાં આવ્યો હતા. આ પ્રસંગે યુવા વૈષ્ણવાચાર્ય પુ વ્રજરાજકુમારજી ગોસ્વામીએ જણાંવ્યુ હતુ કે આપણે પુજા ભગવાન તો આપણને ૨૪ કલાક જોતા રહે છે.ભગવાનાચાર્ય વલ્લભાચાર્યજીએ બધા જ






અનેકવિધ ભજનો પ્રસ્તુત કરાયા હતા. શ્રીજી બાવા હતો. વૈવિધ્યસભર ભજનોની સુરાવલી સાથે ભાવિકો જુમી ઉઠ્યા દરમિયાન જ ભગવાનના દર્શન કરતા હોઈએ છીએ. પરંતુ ધાર્મિકગ્રંથોનો અભ્યાસ કર્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર


## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31ST DECEMBER 2017**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended 31.12.2017 (Unaudited) | Nine Months ended 31.12.2017 (Unaudited) | Quarter ended 31.12.2016 (Unaudited) |
| 1 | Total Income from Operations (net) | 36,224.53 | 103,769.98 | 28,452.45 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 25,945.19 | 75,883.98 | 18,219.36 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 25,945.19 | 75,883.98 | 18,219.36 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 18,156.18 | 51,103.60 | 11,855.72 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 18,204.45 | 51,094.30 | 11,860.76 |
| 6 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,380.86 | 56,380.86 | 56,351.74 |
| 7 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 3.22 | 9.07 | 2.10 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 3.22 | 9.06 | 2.10 |
| 7 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 3.22 | 9.07 | 2.10 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 3.22 | 9.06 | 2.10 |

Notes: (1) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) (2) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 8th February, 2018. (3) The above results are in accordance with the Indian Accounting Standards(IND-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

Place: Gandhinagar
Date: 8th February, 2018


## મનપાની બજેટ બેઠક ૧૭મીએ મળશે

ગાંધીનગર, તા. ૮

આગામી ૧૭ મી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

આ સામાન્ય સભામાં ૨૦૧૮-૧૯ના સ્થાયી સમિતિએ કરેલી ભલામણવાળુ અંદાજપત્ર રજુ કરી અને સામાન્યસભાની મંજૂરી લેવામાં આવશે. આ બજેટ બેઠકમાં કોઈ નવા સુધારા-વાધારા રજુ થાય છે કે કેમ ? તેને લઈ સૌની નજર તેના પર લાગી છે.

આ બજેટ બેઠકમાં માત્રને માત્ર બજેટ પર જ ચર્ચા કરવામાં આવશે. બન્ને પક્ષો દ્વારા બજેટ બેઠકને લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧


**પ્લાસ્ટ એક્સ્પોના ભારે ટ્રાફિકને પગલે...**

# જિલ્લા પંચાયતના અધિકારીઓ ચાલતા કચેરીએ પહોંચ્યા

**કચેરીઓને તેમના દરવાજા બંધ રાખવાની ફરજ પડી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના એકઝીબીશન હોલ ખાતે યોજાયેલ પ્લાસ્ટ એક્સ્પોને લઈ ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાએ ચ-રોડ પર આવેલી જિલ્લા પંચાયત, અભિલેખાગારની કચેરી, પંચાયત પરિષદની કચેરી સહિતના કચેરીના દરવાજા બંધ કરવા પડ્યા હતા એટલુ જ નહિ ટ્રાફિકની સમસ્યાને લઈ અધિકારીઓને ચાલતા કચેરીએ પહોંચવાની ફરજ પડી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીના સર્વિસ રોડ પર આડેધડ પાર્કિંગ કરવામાં આવતાં બપોરના સમયે તો જિલ્લા પંચાયતની સિક્યોરીટી એજન્સીના કર્મચારીઓને દરવાજે બેસાડી દરવાજો બંધ કરાવવાની ફરજ પડી હતી. આ ઉપરાંત પંચાયતના ડે. ડીડીઓ, આયુર્વેદ અધિકારી સહિત ઘણા બધા અધિકારીઓને ચાલતા કચેરીએ પહોંચવાની ફરજ પડી હતી.

ગઈકાલે પોઈંટ બસોના સ્ટેન્ડ પર ગાડીઓના પાર્કિંગ થતાં આજે સવારથી જ આ બસસ્ટેન્ડના એન્ટ્રી પોઈંટ પર બેરેક લગાવી સમગ્ર બસ સ્ટેન્ડ પર પ્રવેશબંધી ફરમાવી દેવાઈ હતી એટલુ જ નહિ પોલીસે બે ટોઈંગ વાન પણ ઉભી કરી દીધી હતી.

જો કે ચ-રોડ પર એસ.ટી.સી. સુધી અને આમ અખબારભવન સુધી રોડ સાઈડ પાર્કિંગને કારણે ટ્રાફિક ધીમો પડી ગયો હતો. આ ઉપરાંત સે. ૧૭માં આંતરિક માર્ગો પર તેમજ ઘ-રોડ પર પણ વાહનો પાર્ક કરી દેવામાં આવ્યા હતા.

પ્લાસ્ટ ઈન્ડિયા એક્ઝીબીશનને પગલે આજે ભારે ટ્રાફિકને લઈ અધિકારીઓને તેમની સરકારી કારો અટવાઈ જતાં ચાલીને ઓફિસે પહોંચ્યા હતા.

જિલ્લા પંચાયતના સર્વિસ રોડ પર પંચાયતના કર્મચારીઓ સિવાયના વાહનોનું પાર્કિંગ વધી જતાં પાર્કિંગની ગંભીર સમસ્યા ઉભી થવા પામી હતી. એક્ઝીબીશન સેન્ટરમાં યોજાતા જુદા જુદા એક્સ્પોને પગલે વારંવાર રોડ પણ બ્લોક થઈ જતાં નગરજનોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


## ડેપો સંકુલમાં પાનની પિચકારી મારતા ૧૯ મુસાફરો પાસેથી દંડ વસુલાયો

ગાંધીનગર તા ૮

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં જયાં ત્યાં પાનની પિચકારી મારી ગંદકી ફેલાવતા મુસાફરો સામે એસ ટી તંત્રએ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. જયારે છેલ્લા કેટલાક દિવસોમાં જ ડેપો કક્ષાએથી ૧૯ જેટલા મુસાફરો પાસેથી દંડ વસુલાયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના વિસરાઈ ગઈ છે. જયારે ડેપોમાં મુસાફરોલક્ષી સુવિધાઓના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. જયારે મુસાફરોની સલામતીનો પ્રશ્ન પણ રામભરોસે છે. ત્યારે ડેપો સંકુલમાં ગંદકીની સમસ્યા પણ પેચીદી બની છે. જેને નિવારવા માટે ડેપો તંત્ર દ્વારા ગંદકી ફેલાવતા મુસાફરોને પણ દંડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડેપો સંકુલમાં પાનની પિચકારી મારી ગુટખા ખાઈને જયાં ત્યાં થુંકતા મુસાફરોને દંડ ચુકવવાની નોબત આવી છે. ડેપો સંકુલમાં આ પ્રકારની ગંદકી કરતા ૧૯ જેટલા મુસાફરોને ડેપોએ દંડ કર્યો છે. જેમાં છેલ્લા દસ દિવસમાં જ ૧૯ જેટલા મુસાફરો પાસેથી રૂ ૪૦૦ જેટલો દંડ વસુલ્યો છે. ડેપો સંકુલમાં કચરો ઉલેચવા માટે પણ અગાઉ ખાનગી એજન્સીને કામ સોંપવાનો નિર્ણય લેવાયો હતો. જયારે ગંદકીની સમસ્યાને દુર કરવા માટે આ પ્રકારની દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. જયારે પાન ગુટખાનુ વેચાણ ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવતી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com